શ્રી.

ભગવતિ ભક્તિ પ્રકાશ.

શાર્દૂલવિક્રિડીત.

અર્પે અંજલી એક તે ઉદધિને, આતો નથી હર્ષતો
દેનારાપર અર્ધદાન કરતાં, ભાવોથી આકર્ષતો
ભક્તિદાન દીધા વિના નવ રહે, એવી કૃતિ શક્તિમાં
તે માટે મતિ અલ્પ યાચું તમને, રાખો સદા ભક્તિમાં

પ્રસિદ્ધ કર્ત્તા.

" સેવક. "

દોહરો

ભક્તિ ભાવ થકી કરો, શક્તિ મળવા સર્વ
સેવો સાચી અંબિકા, ટાળી તનનો ગર્વ.

" દેશીમીત્ર " એન્જીન પ્રીન્ટીંગ પ્રેસ.—સુરત.

સંવત ૧૯૬૩. સને ૧૯૦૭.

કીમત એક આનો.

અર્પણ પત્રિકા.

રા૦ રા૦ ભાઈ શ્રી

રેવાશંકર ભવાનીશંકર વ્યાસ

અમરકંટક નામના પવિત્ર પહાડમાંથી નિકળતી "રેવા" જેવી
નિર્મળ અને "શંકર" જેવા કલ્યાણી છો. તેવાજ આપ
"રેવાશંકર" છો એટલુંજ નહીં પણ વલી આ-
પ મારા પત્યે વડીલ ભાવ અને
અપુર્ણ સ્નેહ ધારણ રાખો છો
માટે આ લઘુ ગ્રંથ આપને
અર્પણ કરૂં છું તે
સ્વીકારશો.

દોહરો.

લઘુ ગ્રંથ પ્રેમે રચ્યો, "ભગવતિ ભક્તિ પ્રકાસ
રેવાશંકર આપને, અરપું ધરી ઉલ્લાસ

લી૦ ચણરજ

સંવત ૧૯૬૩ના શ્રાવણ વદ ૮ ને શનીવાર } સેવક નગીનદાસ રણછોડદાસ
જરીવાલા—સુરત.

શ્રી ભગવતિ ભક્તિ પ્રકાશ.

હે ભગવતિ ! હે, દેવી ! હે મહામાયા ! આપ બ્રહ્માંડ- ના કલ્યાણ કારિછો આપ નિરંજન નિરાકારછો આપ આ જગતમાં સચરાચરવ્યાપી રહેલાછો તેમજ હમે સુક્ષમ નજરે જોઇએ છીએતો શક્તિવિનાનું સ્થળ હમારી નજરે પડતું નથી. વલી. સરવે તત્વોમાં મુળતત્વ આદ્યશક્તિ ઇશ્વરી શીવાય બીજું કાંઇજ નથી પ્રથમ પૃથ્વીની ઉતપતિ સમયે જળમય શીવાય બીજું કાંઇ હતું નહી. તેવખતે સૃષ્ટિની રચના રચવા માટે આદ્યશક્તિ (ઇચ્છા શક્તિ) ઉતપન્ન થયા. તેણે પોતાની માયા વડે કરીને વિષ્ણુને ઉતપન્ન કર્યા. વિષ્ણુ હાથ જોડી કહેવા લાગ્યા કે, હે દેવી ! આપે મને શા માટે ઉતપન્ન કીધો ? તે શાંભળી, જગ કૃપાળ ઇશ્વરી કહેવા લાગ્યા કે હે. વિષ્ણુ : તમે મારી સાથે લગ્ન કરો વિષ્ણુ કહે છે કે હે ! દેવિ ! આપે મને ઉતપન્ન કીધો માટે આપ મારી માતુશ્રી વરીકેછો માટે મારાથી લગ્ન થાય નહી. આવું વિષ્ણુ વાકય શાંભળી દેવી, અતિશય ક્રોધ યુક્ત થઇ કહ્યુંકે, જા, તું, બળી ભસ્મથા દેવીના મુખમાંથી આવું વચન નીકળતાજ વિષ્ણુ બળીને ભસ્મ થઇ ગયા. ત્યાર પછી બ્રહ્માજીને ઉતપન્ન કરી કહ્યુંકે, હે, વિધિ ! મારી શાથે લગ્ન કરો. બ્રહ્માએ પણ ઉપર પ્રમાણે (વિષ્ણુ પ્રમાણેજ) જુવાબ દીધોકે, આપે મને ઉતપન્ન કીધો માટે આપ મારા માતુશ્રીછો માટે મારાથી લગ્ન થાય નહી આ શાંભળી શક્તિને ક્રોધ ઉપજવાથી બ્રહ્માને ક

હું. જા, તું, પણ બળીને ભસ્મથા આ દેવીના શ્રાપથી બ્રહ્મા પણ બળી ભસ્મ થયા, પછી પોતાની ઇચ્છા અનુસારે શંકર ઉતપન્ન થયા તેમને દેવીએ કહ્યું કે, મારી સાથે લગ્ન કરો નહીતો આ બન્ને (વિષ્ણુ અને બ્રહ્મા)ની માફક તમે પણ તે ગતીને પામશો શંકર, કહે છે ભલે તેમ થાવ પરંતુ તમારો જે આ દેહ છે. તે દેહ રહીને મારાથી ક-શું બને નહી. પણ તમે જો બીજું રૂપ (દેહ) ધારણ કરોતો અને બ્રહ્મા અને વિષ્ણુ કે જેને તમે શ્રાપથી બાળી ભસ્મ કીધા છે તેને સજીવન કરો તો હું તમારી શાથે લગ્ન કરવાને હું રાજી છું આવા વચન શંકરના શાંભળી

રાહુ જબકે કહંદ

અગન કુંડમે કુદી પાર્વતી, જળ બ... ...કરી શક્તિ
એક શક્તિકી તીન શક્તિ, જુદી ... ...દે ગીનતિ.
શાવિત્રી બ્રહ્મા કુખ્યાતિ, લક્ષ્મી ... ...વર રહેતિ.
પાડિ પદમને માથે ચંદ્રમા, એગવર ... કુખ્યાતિ

દેવીએ પોતાનું મુળ સ્વરૂપ ત્યા... ...ત્રણ સ્વરૂપ ધારણ કર્યાં અને પાર્વતી રૂપે શંકરને ... રૂપે બ્રહ્માને અને લક્ષ્મિ રૂપે વિષ્ણુને વર્યાં અને ત... ...ને ત્રણ કામ કરવાને આજ્ઞા કરી, કહ્યું કે હે, બ્રહ્મા ... સૃષ્ટિની રચના રચવી હે, વિષ્ણુ ! તમારે જગતનું પા... ...ણ કરવું અને હે, શંકર ! તમારે યુગના અંત ... ...ષ્ટિનો સંહાર કરવો ત્યાર પછીથી બ્રહ્માએ સૃષ્ટી રચ... ... માટે વિચાર કર્યો પરંતુ પોતાનામાં શક્તિ બળ નહે... ...ઘણા વિચારમાં પડ્યા અને પોતે શક્તિનું તપ કરવા ... એટલે દેવી

પ્રસન થઇને કહ્યું કે, હે, બ્રહ્માં મારી આરાધના કરવાનું કારણ શું ? બ્રહ્માં કહેવા લાગ્યા કે, હે, દેવી ! તમે મને સૃષ્ટિ રચના કરવાને આજ્ઞા કીધી છે પરંતુ મારામાં શકિત ન હોવાથી મેં આપનું તપ આદરયું છે. આવા બ્રહ્માના વચન સુણી, દેવીએ કહ્યું કે તથાઃસ્તુઃ તમારાથી સૃષ્ટી રચના સુખેથી થાવ આથી બ્રહ્મા એ શકિત બળવડે સૃષ્ટિની ઊતપત્તી કરી અને બ્રહ્મા આનંદીત થઇ શ્રી જગ કૃપાલ, દેવીના ચર્ણારવીંદમાં શીશ નમાવી કહેવા લાગ્યા કે હે દેવી ! તારી બરાબર કોઇજ નથી. એટલુંજ નથી પણ આપની અકળ કળા કોઇથી કળી શકાય નહી તેની માયાનો પારજ નથી. બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને મોટા મોટા મુનીઓ તપસ્વીઓ પણ પાર પામ્યા નથી.

કુંડળીઆ વૃત.

સચ્ચી મહંમાયા બડી, તુજહે ગતી અપાર
બેદ બિરંચી બ્યાસજી, કોઇ નવ પામ્યા પાર
કોઇ નવ પામ્યા પાર, હાર સબ દૈત્ય ગયેહે.
દેવનકી રક્ષાય સહાય, મહંમાય કરી હે.
રટ રેવા મન શાથ, જાનકે કાયા કચ્ચી.
પુરે મનકી આશ, બડી મહંમાયા સચ્ચી.

હે, મહેશ્વરી ! હે, અખંડાનંદ સ્વરૂપ ! તારી ભક્તિમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને તે ત્રીશ કરોડ દેવના આદિ સુરલોક રાત દિવસ મથન કરી રહેલા છે. વલી જે કોઇ આપની ભક્તિ પુર્ણ પ્રેમ ભાવથી ધ્યાન ધરી કરે છે તેના વાન્છિત પુરવા જરા પણ ઢીલ કરતાં નથી એટલુંજ નહી

પણ જો આપ સ્હાય થાવ છો તો એક ક્ષણવારમાં ચક્રવર્તિ રાજ્ય આપો છો આપ રૂઠો છો તો ક્ષણવારમાં મોટા મોટા ચક્રવર્તિ રાજ્યો લઇ લો છો વલી. હે, દેવી ! તેં સ્વહસ્તમાં ખાંડા ખપ્પર અને ત્રિશુળ ધારણ કરેલા છે. વલી આપનું અદભુત સીંહાશન જોતાં ભક્તોના ચિત્ત આકર્ષણ પણ કરી રહેલ છે. તેમજ ત્રિલોકમાં પણ એવું સીંહાશન નથી તેમજ એના વિસ્તારનો પાર આવે તેમ નથી. વલી આપના હીરા રત્નો, અને કંચન આદિ જવરાહિત અમુલ્ય સણગારોના તો પારજ નથી. માના મુખાર્વીંદનો હીરો, આહા ! શું ઝળકી રહયો છે. આપ નવરંગી વસ્ત્રો ઓઢી સીંહાસન પર બીરાજમાન થયા છો. ગુલાબ, ચંપો, મોગરો આદિ અનેક તરેહના પુષ્પોથી વાડી ખીલી રહી છે. વલી આપના દર્શન તથા ભક્તિ કરવાથી જન્મો જન્મનાં પાપ દુર થાય છે. જે ભાકત માટે હે, વિશ્વેશ્વરી ! તમે હમને અનેક તરેહના શાધનો આપ્યાં છે છતાં.

श्लोक

अेषान विद्यान तपो न दानम्
ज्ञानंन शीळंन गुणो न धर्मः
ते मृत्यु लोके भुमी भार भूता
मनुष्यरूपेण मृगाश्चरंति ॥:

ભાવાર્થ—આ જગતમાં જન્મ ધારણ કરીને, જેણે વિધ્યા, તપ, દાન, જ્ઞાન, શીળવ્રત, સદ્‌ગુણ, ધર્મ, આદિ સંપાદન કીધા નથી તો તે મનુષ્ય પૃથ્વી ઉપર નકામા ભાર રૂપી છે. એટલુંજ નહી પણ મનુષ્ય છતાં પશું શમાન સમજવા.

વળી હે, દેવી, તેં હમોને આ જગતમાં ભક્તિ, દર્શન, પ્રાર્થના આદિ અનેક તરેહના સત્ય કર્મ કરવાને અમુલ્ય મનુષ્યાદેહ અવતાર આપ્યો છે છતાં હમે તેમ ન ગણુતાં જેમ "અજ્ઞાનને હાથ હીરો ચડયો હોય ને તે કાંકરો ગણી પરિક્ષા કર્યા વિના ફેંકી દે છે" તેમજ હમો પણ આ મનુષ્યાદેહને તેવીજ રીતે ગણી કહાડી, મહા દયાળુ "શ્રી અંબિકા" નામનો અમુલ્ય હીરો હાથ ચડયો છતાં આ જગતની મોહ માયાના ફંદમાં ફસાઇ ગુમાવી દીધો છે. વળી આ દુનીયામાં રહી અનેક તરેહના પુન્ય આદિ શુભ કર્મ છોડી પાપ તરફ હમારી નજરો ખેંચાયલી છે એટલુંજ નહી પણ આખો દિવસ આમ તેમ ફરવામાં પરનિંદા કરવામાં, હંકારમાં, કેવળ ખોટા ગપ્પા મારી, અનેકને દુખ દેવામાં વાડી બગીચાઓમાં સહેલથી ફરવામાં અને પરસ્ત્રીઓ સાથે પુર્ણ પ્રેમ પાસમાં આદિ અનેક તરેહની જંઝાળમાં ફસાઇ જઇ અવળે માર્ગે ચાલ્યા જઇએ છીએ પણ આ અજ્ઞાની જીવ હે. કૃપાળુ દેવી ! તારો પણ ડર રાખતો નથી કે આથી મારે કેટલાં કેટલાં દુઃખ સહન કરવા પડસે. તેમ આંખ ઉઘાડી જો તો પણ નથી કે એક નિંદાને માટે રૂષી વિશ્વામિત્રના શ્રાપથી અપસરાને પૃથ્વી પર ઘોડીનો અવતાર ધારણ કરવો પડયો હતો એક હંકારને માટે રાજા રાવણને રણમાં રોળી નાંખ્યો હતો હનુમંતજીનો ગર્વ પણ એક ક્ષણમાં પગ ખોડા કરી ઉતાર્યો હતો રત્નાગરસાગર જેવા સમુદ્રનો ગર્વનાદ પણ નીર ખારો કરી ઊતાર્યો હતો, એક પરસ્ત્રીના પ્રેમમાં વૈરાટ નગ્રમાં કૈયાકીચક નામના શો ભાઇઓને મરવું પડયું હતું માટે હે અજ્ઞાની જીવ તું તારા અજ્ઞાની પાખંડ છોડ

દઇ તારા તનમન અને ધનથી જગ કૃપાળ ઇશ્વરીની આરા ધના કર અને તેમની પાસે આ તારા કરેલા ગુન્હાની માફી માગ કે જેથી કરી; તારી આ અમુલ્ય મનુષ્યા દેહનું કલ્યાણ થાય અને આ સાગર રૂપી દુઃખ દરિયામાંથી તરી ઇશ્વરી ના ચરણ પદને પામે અને તારા ઉપર ઇશ્વરીની કૃપા થાય, વળી જેના ઉપર ઇશ્વરીની કૃપા થઇ છે તેને આ જગતમાં કોઇ વાતની નુન્ય રહેતી નથી માટે હે ! પ્રાણી ! આ તારી ક્ષણ ભંગુર દેહનો જરા પણ ભરૂશો રાખ નહી તેમ આ સંસાર કેવો છે કે,

શ્લોક

संसारसींधूरूपेण मीनरूपेणमानवा,
जंजाळजाळरूपेण काळरूपीढीमरा.

ભાવાર્થ—સીંધુરૂપી આ સંસાર છે, તેમાં મીન (માછલા) રૂપી આ મનુષ્યા દેહ જંજાળરૂપી મારૂં, તારૂં, ખરૂં, ખોટું, સાચું, જુઠું, આદિ અનેક તરેહની માયાની જાળમાં ફસાયલા છે. તેમાં જ્યારે ઢીમર રૂપિ કાળ એકદમ આવી પડે છે તે વખતે ફક્ત ઇશ્વરી શીવાય મા, બાપ, ભાઇ, ભાઇબંધ, સ્ત્રી, પુત્ર વીગેરે કોઇ આવીને સહાય કરતું નથી વળી હે ! જીવ ! જ્યારે તને આ મનુષ્યા દેહ અવતાર આપવામાં આવેલો ત્યાર પહેલા શ્રી સચ્ચીદાનંદ સ્વરૂપ દેવી શ્રી જગદંબાને તારા આપેલા વચન યાદ કર કે અત્યંત કાલાવાલા કરી આપણે આ મનુષ્યા દેહ મેળવેલો છે. વળી આપણો આ પૃથ્વીપર જન્મ ધારણ કરીને જગદંબાની ભક્તિ કરવાને બંધાયલા છીએ. છતાં જ્યાં સુધી આપણે ગર્ભસ્થાનમાં રહયો ત્યાં સુધી આપણે માતાના ઉદરમાંથી બહાર જન્મ થતા શાથ માયાના બળે કરી આગલી વાત બધી ભુલી ગયા અને અનેક તરેહના લાડની અંદર તેમજ હીંડોળા અને પારણાની મજેહની અં

દર આપણે આપણો વખત ગુમાવવા લાગ્યા વળી જેમ જેમ મોટી વયના થવા લાગ્યા તેમ તેમ નાના છોકરાઓ શાથ રમતમાં, લડાઈમાં, ખોટા ખોટા તોફાન વીગેરે અનેક ઉપાધીઓમાં ઈશ્વરી સ્મરણ ન કરતાં દીવસ નિર્થક કીધા વલી કહ્યું છે કે,

श्लोक

प्रथमप्रनार्जीतंविद्या, द्वीतीयंनार्जीतंधनम्,
त्रतियंनार्जीतमर्भाक्ति, चतुर्थंकिंकारस्यति ः॥

ભાવાર્થ—આ મનુષ્યા દેહ જન્મ ધારણ કરી, જેણે પ્રથમની વીશી માં વિધ્યા સંપાદન કરી નહી તથા બીજી વીશી માં પૈસા સંપાદન કીધા નહી તથા તીજી વીશીમાં શ્રી પરમ કૃપાળુ, ભગવનિની ભક્તિ કીધી નહી તો ચોથી વીશીમાં (વૃદ્ધા વસ્થામાં) તે શું કરી શકનાર છે ! અર્થાત કાંઈજ નહી.

તે વિશે ભગવત ગીતામાં કહ્યું છે કેઃ—

रात्मैव रीपुरात्मनः

આત્મા એજ આત્માનો શત્રુ છે. માટે હે પ્રાણી, તારા આ આત્માનું કલ્યાણ કરવાને માટે ક્ષણે ક્ષણે તું ઈશ્વરી સ્મરણ કર કે તને જન્મ મરણનો ભય રહે નહી વલી જ્યારે મનુષ્ય પોતાની ભર યુવાનીમાં હોય છે ત્યારે પોતાનો જે ખરો વખત કે જે ઈશ્વરી સ્મરણ કરવાનો છે તેને ખોટો માની ગાડી ઘોડે ફરવામાં, સાચાને જુઠું ઠરાવવામાં, સ્ત્રી પુત્રોની માયામાં, બાગ બગીચા અને મહેલોની મોજમાં અને દુરાચારી મિત્રોની મિત્રતાઈમાં વીગેરે અનિતિના કાર્યોમાં ઈશ્વરી પ્રાર્થના અને ભક્તિ કર્યા વિના દિવસો નકામા કહાડે છે. પણ હે મુર્ખ જીવ, તું તારા દુરાચારી મિત્રોથી થતા દોષોથી દુર થા. એટલુંજ નહી પણ દુરાચારી મિત્રની મિત્ર

તાઇથી કેટલું કેટલું નુકસાન થાય છે તે માટે એક દ્રષ્ટાંત કહું તે સાંભળ કે

દ્રષ્ટાંત એક અંધેરી નગરીમાં એક વરણુશંકર નામનો બ્રાહ્મણ વસતો હતો જે આંખે અંધ હતો. વળી નિર્ધન પણ હતો તેથી તે પૈશા પાત્ર થવાની ઇચ્છાથી પોતે પરદેશ જવા નિકળ્યો. જતાં જતાં માર્ગમાં એક મહા મોટી નદી આવી આથી તે વીચારમાં પડયો કે મારે તો પેલે પાર જવું છે. અને મારી આંખે દેખાતું નથી માટે મારે કોની મદદ લેવી એવામાં તેનો કોઇએક મિત્ર આવી પહોંચ્યો તેને પોતાનો વિચાર દર્શાવ્યો આ (મિત્ર) કોઇ દીવસ આ નંદીમાં ઊતર્યો નહોતો કેવી રીતે પેલે પાર જવું તે તે જાણતો નહોતો. તરતા પણ આવડતું નહોતું છતાં પણ પોતાના અંધ મિત્રને ખાંધે લઇ નદીમાં ચાલવા માંડયું જતાં જતાં જ્યાં નદીના મધ્ય ભાગમાં ગયા કે પાણી અતિશય હોવાથી તેઓ ડુબવા લાગ્યા. હવે આ વખત તેઓનો બીજો કાંઇ ઊપાય હતો નહી. પરંતુ તેઓએ પોકાર કરી કહ્યું કે હમે ડુબતાને કોઇ બચાવો. બચાવો આવા પોકાર સાંભલી નદીના કીનારા ઉપર એક મજબુત, શરીરે પુષ્ટ અને સેહેલાઇથી તરી જાણે એવો મનુષ્ય ઉભો હતો તેના કાને આ પોકાર આવતાં તરતજ નદીમાં પડયો અને તે અંધને તેના (મુર્ખ) મિત્ર સાથે બહાર કહાડી નદીના આ કીનારે લાવી મુકયા.

સિદ્ધાંત—અંધેરી જેવી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ આદિ માયાની જાળમાં વસનારો અંધરૂપી અજ્ઞાની જીવ પૈશા પાત્રરૂપી મોક્ષ મેળવવાને માટે નદીરૂપી ભવસાગર તરતાં અજ્ઞાન મિત્રથી ડુબવા લાગ્યો. પણ જો પ્રથમથીજ પાર તા-

રનાર જેવો સદગુણી મિત્રની સંગત કરી હોત તો ડુબવાનો વખત આવત નહી ને સહેલાઇથી પાર ઉતરી જાત.

માટે હે પ્રાણી ! સંગત કરી શ્રી ઇશ્વરીની ભક્તિ કરી આ દેહનું કલ્યાણ કર કે જેથી તારા આપેલા વચનનું સાફ-લ્ય થાય, એટલુંજ નહી પણ વલી મહાત્મા તુળશીદાસજીએ પણ કહ્યું છે કે

દોહરો.

એક ઘડી આધી ઘડી, આધીમેં પુની આધ
તુળશી સંગત સાધકી, કટે કોટી અપરાધ.

એક ઘડી તેનાથી અડધી ઘડી અને તેનાથી પણ અડધી ઘડી જો સતસંગત કરી શ્રી જગદંબાની ભક્તિ કરી હોય તો કરોડો અપરાધ કીધા હોય તો તેના અપરાધ ઝટ નાશ થાય છે. માટે હે પ્રાણી ! આ તારી અમુલ્ય યુવાનીનો વખત વ્યર્થ ગુમાવ નહી પણ ભક્તિ કરી મોક્ષ મેળવવાનો પ્રયત્ન કર. કારણ જ્યારે તું વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થઇશ. ત્યારે તારાથી કાંઇજ બનવાનું નથી કારણ શરીરના અવયો બધા શિથિલ બની જાય છે. આંખે તેજ કમી થાય છે નાકેથી પાણી વહે છે. અશક્તિને લીધે ચાલી શકાતું નથી. કાનેથી સંભળાતુ નથી. સેવા સ્મરણ વીગેરે કાંઇ પણ બની શકતું નથી એટલુંજ નહી પણ વૃદ્ધ થવાથી બુદ્ધિની હાની થાય છે. માટે હે જીવ ! આ તારો કિંમતી અમુલ્ય વખત ગુમાવ નહી ને ઇશ્વરી ભક્તિ કર. કહ્યું છે કે

શ્લોક

जन्म दुःखं जरा दुःखं जाया दुःखं पुनः पुनः
अंतकालेच महा दुःखं तस्मात जाग्रही जाग्रहीः॥

ભાવાર્થ—જન્મ વખતે મહા મોટું દુઃખ પડે છે તેમજ વૃદ્ધાવસ્થામાં પણ મોટું દુઃખ પડે છે વળી બાળ બચ્ચાના વિયોગરૂપી પણ મોટું દુઃખ છે પણ અંતઃકાળ સમયના દુઃખનું તો કાંઇ માપજ થઇ શકે તેમ નથી.

માટે હે મુર્ખ [illegible] ઇશ્વરી ભક્તિને વીશે તત્પર થઇ માથે કાળનો [illegible] જાગ્રત રહે. કારણ કે એ ક્યારે આવશે તેની [illegible] નથી. તેમ આ જીંદગી પાણીના રેલાની માફક [illegible] છે. આપણી નજરો આગળ કેટલાક થઇ ગયા અ[illegible] જશે કહ્યું છે કેઃ-

[illegible]

ક્યાં યુધીષ્ટર [illegible] હળધર કૃપિપાળ.
કિરત જગતમાં [illegible] ખા ગયો કાળ
બ્રહ્માના એક [illegible] ઇન્દ્ર વહી જાય
તે બ્રહ્મા કાળનો [illegible] શો વર્ષ પુરાં થાય.

માટે આ અલ્પ [illegible] ર જે કંઇ સુક્રિત થાય તેજ ખરૂં. એમ જાણી [illegible] સદીન ઇશ્વરી ભક્તિમાં પરાયણ રહેવું કારણ [illegible] **विनायकः** આ કળી યુગને વીશે બધા દેવ [illegible] મે તરત ફળ આપવા વાળી એવી જે દેવી [illegible] ક્તિને આપવાવાળી છે. માટે આ અસાર સં[illegible] મ એવો મનુષ્યા દેહ ધારણ કરીને સારરૂપી [illegible] સ્મરણ કરવું. કારણ કે ગઇ પળ પાછી આવ[illegible] મીથ્યા માયામાં મોહાંધ થઇને બંધાયા છીએ [illegible] તો એક શક્તિનું શરણ ગૃહણ કર્યા શીવાય તે [illegible] વું ઘણુંજ મુશ્કેલ છે. તે જ્યારે ઇશ્વરીની [illegible] આ સંસારરૂપી સમુદ્ર તરી જવાય. જુવો [illegible] રમા અધ્યાયમાં સુરથ રાજા તથા વૈષ્ય (વણી[illegible] ઓએ રૂષીના મુખથી દેવીનું ચરિત્ર સાંભળી[illegible] જઇ ત્રણ વરસ લગી તપ કર્યું એટલે દેવી [illegible] મનવાંચ્છિત ફળ આપ્યું. એવી જે દેવીથી આ [illegible] વ્યાપી રહ્યું છે તેમજ પ્રલયકાળને વીશે સર્વે[illegible] બાબત માહામારી રૂપે સર્વે જકતનો સંહાર [illegible] છે. જન્મ રહીત તથા

સ્રષ્ટીને ઊતપન્ન કર્ત્તા તથા તેનું પોષણ કરતા પણ પોતેજ છે. વલી મનુષ્યોને સંપત્તિ આપવામાં લક્ષ્મીરૂપે તથા અલક્ષ્મી (દાળીદ્ર) રૂપે તેની લક્ષ્મીનો નાશ પણ પોતેજ કરે છે. એવિ જે મહાલક્ષ્મીદેવી જે કોઇ એક ચિત્તવડે ગંધ, પુષ્પ, ધુપ, દીપ, નૈવેધવડે જે કોઇ પુજા કરે છે તેને દેવી ધન પુત્ર, સ્ત્રી, લક્ષ્મી વીગેરે અનેક સુખ તથા અંતકાળના સમયે મુક્તિ પણ આપે છે. વળી એ જગકૃપાળ ઇશ્વરી એવી છે કે જેના નામથી અનેક અનેક ભક્તો તરી ગયા છે જુવો કે કોઇ એક રાજા હતો તેને એક પુત્રી હતી તે રોજ વિધા અભ્યાસ કરતાં પ્રધાન પુત્ર સાથે પ્રીતિ થઇ. પ્રધાન પુત્રે કહ્યું કે હવે થોડા વખતમાં તારા પિતા તારૂં લગ્ન કરશે અને ગમે તેવા સાથે લાકડે માંકડું વળગાડશે. જેથી તારી આખી જીંદગી દુખમાં જશે માટે તેમ ન કરતાં તું મારી શાથે લગ્ન કર કારણ કે આપણુ બન્ને વચ્ચે જોઇએ તેવી પ્રીતીછે અને એકએકના ગુણથી પ્રવિણ થયાં છીએ ત્યારે રાજ કન્યા બોલીકે, તારૂં કહેવું વ્યર્થ છે. કારણ કે તું કાંઇ રાજકુમાર નથી ગમે તેમ પણ તું એક પ્રધાન પુત્ર છે માટે તારી સાથે મારૂં લગ્ન બનેજ નહીં આ શાંભળી પ્રધાનપુત્રને ઘણોજ ક્રોધ ચડયો કહયું છે કે.

श्लोक.

नपस्यैतिकामांधो, जन्मांधोनैवपस्यति
नवपस्यैतिमदोन्मतो अर्थतिदोसोपस्यति

ભાવાર્થ કામિ પુરૂષ છતી આંખે પણ દેખતો નથી જે જન્મથીજ આંધળો છે તે પણ દેખતો નથી વલી પૈશાથી અને જુવાનીના મદથી જે ભરપુર છે તે પણ દેખતો નથી એટલુંજ નહી પણ જે મતલબી માણસ છે તે તો નેત્ર છતાં પણ અંધ છે.

અને કહયું કે ઠીક છે મારી મરજી વિરૂદ્ધ વરતનાર તું કદી પણ સુખી થઇશ નહી પછી થોડા દીવસે રાજાએ

પોતાની પુત્રીના લગ્ન માટે વર શોધવા પ્રધાન પુત્રનેજ મોકલ્યો તે શોધતાં શોધતાં એક જંગલમાં આવી પહોંચ્યો ત્યાં તેની નજરે એક કુવા ઉપર એક વડના ઝાડ ઉપર એક આદમી એક ડાળી ઊપર બેશી પોતે બેઠેલો તેજ ડાળી કાપતો જોયો તેને કહ્યું કે હે મનુષ્ય ! આ પ્રમાણે ડાળી કાપવાથી તું આ ડાળ સાથે કુવામાં જઇશ તે શાંભળી તે મનુષ્ય કહેવા લાગ્યો કે હું નીચે પડવા માટેજ આ કામ કરૂં છું કારણ મને ચડતાં આવડે છે પણ ઊતરતાં આવડતું નથી. આથી પ્રધાન પુત્રે આને મુર્ખ જાણી રાજકન્યા લાયક આજ વર છે એવો મનમાં દ્વેસ રાખીને આ માણુસને સાથે લઈ રાજ દ્વારમાં આવ્યો, રાજાએ વિધિપૂર્વક પોતાની પુત્રીનું કન્યાદાન દીધું અને એક મહેલ રહેવાને માટે આપ્યો રાજ-કન્યા પણ સાથેજ છે. પણ દરેક વાતે આને મુર્ખતા ભરેલો જોઇ તેને ધિક્કારી કહાડી મુકયો આ મનુષ્ય ત્યાંથી નિકળી ગામ બહાર શ્રી કાળીકાજીનું મંદીર છે ત્યાં આવી તેની સ્તુ-તી કરી કહ્યું, હે દેવી ! તું પ્રસન્ન થા, અને બુદ્ધિ આદિ અનેક તરેહના સુખ આપ. ભકતની પુર્ણ ભકિત જોઇ કાળી-કાજીએ વરદાન આપી કહ્યું કે આજથી તું ત્રિકાળજ્ઞાની થઇશ ને એવામાં રાજ કન્યા દેવીનું પુજન કરવા આવી તેણે આ પુરૂષને ગાયન કરતો જોયો અને તે દાસી પ્રત્યે પુછવા લાગી કે,

શ્લોક

आनिलस्यागमोनास्ति, द्विपदानवेदस्यते ॥
जलमध्येस्थितंपद्म, कंपितंकेनहेतुना ?

ભાવાર્થ આ વખત પવન બીલકુલ વાતો નથી તેમ પક્ષી કે મનુષ્ય પણ જોવામાં આવતું નથી છતાં આ સરોવરના પાણીમાં સ્થીર રહેલું કમળ શા માટે કંપતું હશે ?

આ પ્રમાણે રાજ કન્યાનુ બોલવું સાંભળી કાલીદાસે

પાછું જોતાં પોતાની પત્નિને ઉભેલી જોઇ ઉત્તર આપ્યો કે,

श्लोक

पावकोच्छिष्टवर्णस्य, शर्वर्याबंधनंकृतं ॥
मोक्षोनलभ्येतकान्ते, कंपितंतेनहेतुना ॥

ભાવાર્થ કૃષ્ણુવર્ણુવાળો ભમરો રાત્રી પડવાના કારણુથી કમળમાં બંધાઇ ગએો છે તેથી. હે, કાન્તે, તે ભમર સુર્યોદય થવા પહેલા મુકત થવા સમર્થ નથી. માટે ભમરના કારણુથી કમળ કંપાયમાન થતું જોવામાં આવે છે.

આથી તે સ્ત્રીએ તે પુરૂષનું મુખારબીંદ જોતાં પોતાનો ધણી છે એમ માલમ પડવાથી તેના ચરણુમાં જઇ શીસ નમાવી પોતાનાં કરેલા અપરાધની માફી માગી અને બેઉ (ધણી ધણી આણી) શ્રી જગદંબાનું અત્યંત પ્રેમથી પુજન કરી પોતાને ઘેર ગયાં અને શ્રી જગદંબા કૃપાથીજ ભોજરાજાને ઘેર રહી અનેક તરેહ ના ગ્રંથો ઉતપન્ન કર્યા. આ એક ઇશ્વરી કૃપાથીજ અજ્ઞાનતા ટળીને એક મહાન જગ જાહેર કવી થયા. વળી હે. ઇશ્વરી ! આપે વિમળશા નામના એક જૈન ગ્રહસ્થની અત્યંત પ્રેમ પુર્વક ભાવભકિત જોઇને તેના અસંખ્ય દુઃખ કાપીને પોતાને શરણે રાખ્યો છે વળી હે, દેવી ! જ્યારે સ્વર્ગે સુરલોકોમાં મધુકૈટભ નામનો દૈત્ય ઉતન્ન થયો ત્યારે દેવલોકો તેના ત્રાશથી અત્યંત કંપવા લાગી બ્રહ્માજીની સહાયલેવા ગયા બ્રહ્માજીમાં મધુ કૈટભને હણુવા જેટલું તપ બળ નહોવાથી તે વિષ્ણુની સહાય લેવા ગયા. વિષ્ણુજી દેવની વારે ચડીને મધુ કૈટભ સાથે પાંચ હજાર વર્ષ યુદ્ધ કર્યા છતા પણુ અસુર (મધુકૈટભ) જીતાયો નહી ત્યારે વિષ્ણુએ દેવીની આરાધાના કરી અને

કહ્યું કે હે, દેવી ! આપ દેવલોકના રક્ષણાર્થે મોહીની રૂપ ધારણ કરી અસુરનો સંહારકરો આથી ઇશ્વરીએ મોહીની રૂપ ધારણ કરીને અસુરનો નાશકર્યો જેથી સુરલોકો શ્રી જગદંબાના ચરણમાં આવી પ્રણામ કરીને પુષ્પની વૃષ્ટી કીધી વળી પણ હે દેવી, આપે અશંખ્ય અસુરોનો સંહારકરી દેવોને સુખ આપ્યાં છે વળી તારી કૃપાથી અને તારી ભક્તિથી અશંખ્ય ભકતો તરી ગયા છે કે જેનો વિસ્તાર કરતાં પારઆવેતેમનથી.

गीति

भाक्तिविननानवभावे वेणातालमृदंगनादाने
कन्यादानफलाने, केसेपावे, मृतंगनादाने ॥

માટે હે પ્રાણી તું પ્રેમ પુર્વક ઇશ્વરી ભકિત કર એટલુંજ નહી પણ વળી ભકિત કરતાં વિવાદ કરતો નહી જોકે વિવાદ કરવાથી તારાથી ભકિત થશે નહી અને તું હંકારમાં જઇશિ અને ઉલટું તારી કરેલી ભકિત ને હાનીલાગશે જોકે એક વિવાદ રૂષી વિશ્વામિત્ર અને વશીષ્ટમુનીવચ્ચે થયેલો તેમાં રૂષી વિશ્વામિત્રે શાઠ હજાર વર્ષલગી લોહાનો લોટ ફાકી તપ કરેલું પરંતુ તેનું મહત્વ ન થતા વશીષ્ટમુની એ એક ક્ષણવાર અહચિ-તે ભકિત કરેલી તેનું ફળ વિશેષ થયું માટે હે. જીવ તું વિવાદ છોડી દઇ ખરા અંતષકરણથી ઉશ્વરી ભકિત કર કે જેથી તારી કરેલી ભકિતનું શ્રેયથાય અને ક્ષણે ક્ષણે પણતું તેને ભુલનહી વળી

કુંડળીઓ.

વ્યાપી સઘળા વિશ્વમાં, આનંદી અંબાય
દેવ દાનવને માનવિ, રટેતુંજ રટનાય

રટેતુજ રટનાય, સાહ્ય સરણાંગત દાતા
ભક્ત તણી પ્રતિપાળ, કરો કલ્યાણી માતા
મુઢમતીના જંન કુરમતિ તેની કાપી
દેવી દીન દયાળ. વિશ્વ સઘળામાં વ્યાપિ

એવીજ દીનદયાળી જગદંબા આ જગતમાં સચરા ચર વ્યાપી રહેલ છે તેનું અહો રાત્રીસ્મરણ કર કારણ આપણા અંતકાળના સમયે જ્યારે યમરાજાનો (કાળનો) ઘેરો આ દેહ પર આવે છે ત્યારે કોઇરીતનું ભાન રહેતું નથી જીવ બેભાન થઈ જાય છે મોટી મોટી વીટમણામાં પડી જાય છે અને પોતાના કરેલા પાપના કર્મોનો પસ્તાવો કરે છે કે અરે હાય? આવી મને ખબર નહતી કે યમના પાસમાં ફસાતું પડશે અને આ અનેક તરેહના દુઃખો ભોગવવાં પડશે તેમ આ યમના દુતનો અસહ્ય માર શહન કરવો પડશે પણ અરે હવે શું કરતું હું પ્રથમજ ભુલ્યો ઘણા સ્નેહી સબંધી અને ગ્નાની ભક્ત જનોએ મને ઘાણું કહ્યું હતું કે હે, મુર્ખ આ તારા પાખંડી ફેલ છોડીને ઇશ્વરી ભકિતમાં પરાયણ થા છતાં મારા પુર્વ જન્મના પ્રાશ્ચિતને લીધે મને કાંઇ ન સુંજતાં હવે પસ્તાવો ઘણોજ થાય છે કે મારા કરેલાં કર્મોને લીધેજ મારે આ દુઃખ ભોગવતું પડે છે તેમજ આ સમયે તારા માત પિતા સ્ત્રી, પુત્ર અને બંધુ વીગેરે કોઇપણ તારી સહાય કારક ફકત ઇશ્વરી શીવાય કોઇ જ નથી આ રીતે પાપનો પસ્તાવો કરતાં પ્રાણીને યમના દુતો લોઢાની ગેડીથી માર મારતા લઇ જાય છે અને તેમાં જેના શુભ કર્મ થયેલાં હોય છે, દયાળુ અને કોમળ મનનો

હોય છે, તેને ઉત્તર તરફથી અને છયાશી હજાર યોજન ચાલ્યાં પછી વૈવસ્વત (યમ) પુરી આવે છે ત્યાં લઇ જવામાં આવે છે પુન્યવાનને યમપુરી પાસે અને પાપ કરમવાળાને ઘણીજ દુર જણાય છે જતાં જતા પણ રસ્તે અનેક તરેહના જેવાંકે, કોઈ જગો અંધારી આવે છે કોઈ જગો તીક્ષણ કાંટાવાળી કોઇ જગા ધગધગતા અંગારાવાળી તો કોઇ જગો હીમ પડેલુ હોય છે કોઇ જગોએ ખાઇ આવે છે ને કોઈ જગો ગંધાતુ પાણી આવે છે કોઇ જગો શીંહ, વાઘ, મચ્છર નાહાર, અજગર અને ઝેરી સર્પો અને મદોન્મદ હાથીઓ જેવામાં આવે છે એવા દુઃખ સહન કરતાં યમપુરીમાં લઇ જવામાં આવે છે જયાં આગળ યમરાજાનું રૂપ મહા ભયંકર જેવામાં આવે છે પછી જે પુન્યવાન પ્રાણી હોય તો આગતા સ્વાગતા સાથે યમરાજા તેને ઘણું માન આપે છે એને કહે છે કે તમને ધન્ય છે તમે મહાત્મા છો અને પરહિતમાં પરાયણ છો તમે દેવતાઇ સુખ માટે પુન્ય કર્યું છે માટે આ મોટું વૈમાન દીવ્ય સ્ત્રીના ભોગને આપનારૂં તથા સર્વ કામના વાળુ છે તેમાં બેસો અને તમારાં પુન્ય ભોગવી રહેશો ત્યાર પછી જે કાંઇ અશુભ હશે તે આંહી ભોગવવું પડશે વલી જેઓએ પાપઆદિ અઘોર કરમ કરેલાં છે તેઓની ચામડી ઉતરડી લે છે માર મારી અધમુવો કરી નાંખે છે વલી તેના શરીરના કટકા કરી તેને ધગધગતી લોહાની કડાઇમાં રીંગણાની માફક રાંધે છે ત્યાંથી વિષ્ટાના કુવામાં નાંખે છે પછી કૃમીના કૂવામાં નાંખે છે પછી સળગતા અગ્નિમાં બાળે છે અને તલની મા ફક ઘાણીમાં પીલે છે અને જે અસત્ય બોલનાર છે તેની

છાતી પર પગદઇ બે હાથ [illegible] સાણસીથી તેની જીભ ખેંચી કહાડે છે જે નિર્દય માતા, પિતા, ગુરૂદેવ, સાધ્વાગુરૂ, બ્રાહ્મણનો દ્રોહ કરે છે તેનામોંમાં [illegible] વાળી જળો ભરીને માર મારે છે વલી પરસ્ત્રી ગમન કરનારને લોહાની ધગધગતી સ્ત્રી કરીને તેની સાથે આલિંગન કરાવે છે અને આપેલુ વચન કે જે પૃથ્વી પર મનુષ્ય દેહ જન્મ ધારણ કરી ઇશ્વરી સ્મરણ કરીશ તે ન પાલનારને રૌવ રૌવ નામના મહા ભયંકર નર્કમાં નાંખવામાં આવે છે માટે હે. પ્રાણી આવાં ભયંકર દુઃખ જોઇને [illegible] મનને માહા મોટો ત્રાસ ઉતપન્ન થાય છે. માટે પ્રાણી એવાં દુઃખ ભોગવવા ન પડે તેવાં પ્રયત્નની યોજના [illegible] કે અહો રાત્રી ઇશ્વરી ભક્તિમાં તત્પર રહે કે જેથી [illegible] આલોક તથા પરલોક સુધરે આ લોક એટલે આ [illegible] પણ પ્રકારના ઉપદ્રવ શરીરે પીડા કરે નહી તથા [illegible] વ્યાધી પણ બાધ કરી શકતી નથી સ્ત્રી, પુત્ર, વિ[illegible]મી વીગેરેનું સુખ મળે છે. અને પરલોક એટલે પુર્વ [illegible] કોઇ ઉંચ કુળમાં જન્મ થાય છે અને ત્યાં [illegible]ણી ઘણી પ્રકારના વૈભોગ ભોગવે છે. છતાં [illegible]ના ભક્તિના પ્રતાપવડે (જેમ કમળના પત્રને જળનો [illegible] થતો નથી) તેમ તેને માયા પણ બાધ કરી શકતી નથી કારણ કે લક્ષ્મી સ્ત્રી વીગેરે પોતાના અંસરૂપે છે માટે [illegible] પોતાના ભકતને આવી માયાથી સંરક્ષણ કરે [illegible] સત્ય કર્મમાં ભકતોની પ્રેરણા કરે છે. અને પોતાની [illegible] ભકિત આપે છે માટે એવી દીન દયાળી દેવીની હમેશા [illegible] પુર્વક શેવામાં મન

વાણી અને કર્મ વડે હમેશા હાજર રહેવું એજ આ મનુષ્યા દેહ ધર્યાનો પરમ લાભ છે એટલુંજ નહી પણ એની ભકિત થી આ સંસાર રૂપી સમુદ્ર વિના શ્રમે તરી જવાય છે. તથાસ્તુ.

માલીની.

સુખ સુખ સુખ દાતા, દુઃખ હર્તા દયાળી
નમુ નમુ નમુ ભાવે, અંબિકાનંદકારી
કરી કરી કરી કરૂણા, કોટી કીલ્મીષ કાપો
જય જય જય દેવી સર્વદા શાન્તિ આપો.

સમાપ્ત.

લાવણી

જય જગત જનુનિમાત, અંબિકા સાચિ
કાપોને સઘળાં કષ્ટ કહું તને જાચિ. ૧

બની કામ ક્રોધમાં અંધ ફંદમાં ફરીયો
નવ ભજ્યું મેં તાહરૂ નામ, ભક્તિ વિસરીયો. ૨

મને ઘણી છે મોટી આસ, પ્યાસ છે તાહરી
એક અલ્પ અરજ આ, ઉરમાં ધરજો માહરી. ૩

સ્વારથી જગત છે, સહુ હવે કેમ કરીયે
મા રાખો સરણની છાંય તો સેજે તરીયેં ૪

તમે ચંડ મુંડ મહીસાસુર દૈત્યો માર્યાં
કરી અસુરને સોંહાર ભક્તને તાર્યાં. ૫

મા રક્ત બીજને આપે રણમાં રોક્યા.
ભગવંતિ ઉતાર્યો ભાર ચપટીવત ચોક્યા ૬

મુજ માત તાતને ભ્રાત સર્વમાં તું છું
એક તાહરો છે આધાર સરણ ગ્રહી રહું છું ૭

જે ભજશે માને તેહનાં સંકટ જાસે
કહે દાસ તણો નિજદાસ રહો વિશ્વાસે ૮

મને ઘણી કલ્પના હૈયે તુજ દરશનનિ
કહે શેવક વારંવાર આસ પુરો મનનિ. ૯